# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૭/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરની લેડીઝ વીંગે સચીનની ગીન્ઝા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની મુલાકાત લીધી

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ચેમ્બરની લેડીઝ વીંગની ઉદ્યોગ સાહસિક બહેનોએ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટના ભાગરૂપે સોમવારે, તા. ૨૫ નવેમ્બર ૨૦૧૯ના રોજ સચીન ખાતે આવેલી ગીન્ઝા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડમાં વોર્પ નીટિંગ, એમ્બ્રોઇડરી અને ગારમેન્ટ યુનિટની મુલાકાત લીધી હતી. લેડીઝ વીંગની બહેનોએ એપેરલ પાર્ક ખાતે એક્ષ્પોર્ટ યુનિટની પણ મુલાકાત લઇ વિવિધ ડિઝાઇનથી બનતા કપડા તથા તેને એક્ષ્પોર્ટ કરવા સુધીની તમામ પ્રક્રિયાનો ઝીણવટપૂર્ણ અભ્યાસ કર્યો હતો.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન મહેતાએ જણાવ્યુ હતુ કે, ફેકટરીના માલિક શ્રી મનોજકુમાર સેઠીયાએ ઉદ્યોગ સાહસિક બહેનોને આખી ફેકટરીની વિઝીટ કરાવી તેમના ત્યાં બનતા રો મટિરીયલ તેમજ કપડાની વિસ્તૃતપણે માહિતી આપી હતી. તેમની ફેકટરીમાં બનતુ હોઝીયરી મટિરીયલ્સ તેમજ વિવિધ પ્રકારના કપડાં જેવા કે લેડીઝ ટોપ, સ્કર્ટ્સ અને પેન્ટ્સની આખી પ્રક્રિયા વિશે સમજણ આપી હતી. ખૂબ જ નાના પાયે કામકાજની શરૂઆત કરનાર શ્રી મનોજકુમારના એમ્બ્રોઇડરી અને ગારમેન્ટ યુનિટમાં ૨૫૦થી વધુ મહિલાઓને રોજગારી મળે છે, જે મહિલા સશક્તિકરણ માટે ખૂબ જ સારી બાબત કહી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ઉદ્યોગ સાહસિક બહેનોએ યાર્ન, સાઇઝીગ, વોર્પિંગ, એમ્બ્રોઇડરી, ડાઈંગ અને સ્ટીચીંગ વિગેરે ટેક્ષ્ટાઇલના દરેક સેકટરની મુલાકાત લઇ હાઇસ્પીડ અદ્યતન મશીનરી તેમજ તેની ઉપર જકાર્ડ અને રેશર્સ વિગેરે ડિઝાઇનથી બનતા કવોલિટી પ્રોડકશન વિશે માહિતી મેળવી હતી. કવોલિટી પ્રોડકશન હોય તો જ એક્ષ્પોર્ટ શકય બનતુ હોય છે. આથી તેમના ત્યાં બનતા કપડાને અમેરિકા અને ઈગ્લેન્ડ એક્ષ્પોર્ટ કરવામાં આવતા હોવાની માહિતી મેળવી ઉદ્યોગ સાહસિક બહેનોએ આખી પ્રક્રિયાનો ઝીણવણભર્યો અભ્યાસ પણ કર્યો હતો.